| | |
|---|---|
| અરજી આવ્યા તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| અરજી દાખલ તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| અરજી નિકાલ તારીખ | ૧૪/૦૭/૨૦૨૬ |
| અવધિ | વર્ષ– મહિના–દિવસો |
| | ૦૦– ००–૧૩ |

**<u>મહે. બીજી એડિશ્નલ સેશન્સ અદાલત સમક્ષ મુકામ :રાજકોટ.</u>**

ફોજદારી પરચુરણ (જામીન) અરજી નં. : **૨૨૪૦ /૨૦૨૬**
આંક : ૧૦

**(૧) રાહુલભાઈ રમેશભાઈ દવેરા**
રહે. આંબેડકર નગર શેરી નં.૯,
"રામદેવ કૃપા", મકવાણા પાન પાસે,
આસ્થા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.
(ધરપકડ તારીખ: ૩૦ /૦૬/૨૦૨૬) **<u>અરજદાર/આરોપી</u>**

**//વિરુધ્ધ//**

**૧. શ્રી સરકાર**
(થ્રુ જીલ્લા સરકારી વકીલશ્રી , રાજકોટ)

**૨. મુળ ફરીયાદી** **<u>સામાવાળા</u>**

**અરજ :–** <u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી ..</u>

**ગુન્હો :–** <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૬૯ , ૩૫૧( ૨ ), ૧૧૫(૨), તથા આઇ.ટી. એકટની કલમ –૬૬(ઈ) મુજબનાં ગુનાના કામે</u>

---

| | | |
|---|---|---|
| અરજદાર/આરોપી તરફે | – | વિ.વ. શ્રી ટી.કે.બસલાણી |
| સામાવાળાનં.૧ /સરકારશ્રી તરફે | – | વિ.એ.પી.પી.શ્રી એમ.જી.પીપળીયા |
| સામાવાળાનં.૨ /મુળ ફરીયાદી તરફે | – | વિ.વ.શ્રી ટી.એમ.ગોકાણી |

---

## -: હુકમ :-

૧. અરજદાર/આરોપીએ હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે દાખલ કરી, હાલની અરજીના માધ્યમથી રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના ગુના રજી.નં. ૧૧૨૦૮૦૫૩૨૬૦૫૭૫/ ૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૯ , ૩૫૧( ૨ ), ૧૧૫(૨), તથા આઇ.ટી. એકટની કલમ ૬૬(ઈ) હેઠળના ગુનાનાં કામે તેઓ ન્યાયીક હવાલામાં જેલમાં ,જેથી રેગ્યુલર જામીન પર મુકત કરવા માટે અરજ કરેલ છે.

૨. આ જામીન અરજીની નોટીસ સામાવાળાઓને બજતા સામાવાળાનં.૧ / સરકારશ્રી વતી એ.પી.પી.શ્રી હાજર થયેલ છે અને આંક- ૬ થી તપાસ કરનાર અધીકારીનું સોગંદનામું રજુ રખાવેલ છે. ફરીયાદીને નોટીસ બજતા તે વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને તેમણે હાલની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરતો શેરો અરજી તળે કરેલ છે.

૩. હાલની અરજીની સુનાવણીના તબકકે , અરજદાર /આરોપી તર્ફે વિ.વ.શ્રીએ અરજીની હકીકતો રીફર કરી મૌખીક દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરેલ છે કે , અરજદાર/આરોપી નિર્દોષ છે અને તેને ખોટી રીતે સંડોવવામાં આવેલ છે. ફરીયાદી/ ભોગબનનારની ઉમર ૩૨ વર્ષની છે. તેણી

અરજદાર/આરોપી સાથે પ્રેમ સંબંધ ધરાવતી હોય પરંતુ તેના કુટુંબીજનોને મંજુર ન હોય જેથી ખોટા આક્ષેપોવાળી હાલની ફરીયાદ નોંધાવેલ છે. ફરિયાદી પોતાની સ્વેચ્છાએ અરજદાર સાથે અલગ-અલગ સ્થળોએ રહી હતી. બંને વચ્ચે સંબંધો સમાપ્ત કરવા માટે પરસ્પર સંમતિથી "મૌખિક સમજુતીનો કરાર રદ કરવાનો કરાર" પણ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી ઉપર કુટુંબની જવાબદારી છે. અરજદાર/આરોપી સ્થાનિક રહેવાસી છે, નાસી જવાની શક્યતા નથી અને અદાલત જે શરતો ફરમાવે તેનું પાલન કરવા તૈયાર છે. તેથી રેગ્યુલર જામીન પર મુક્ત કરવા અરજ કરી છે.

બીજી તરફ, વિ. એ.પી.પી.શ્રીએ જામીન અરજીનો વિરોધ કરતાં રજૂઆત કરી કે ,અરજદાર/આરોપીએ ફરિયાદીને તેના પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી, લગ્ન કરવાની લાલચ આપી તથા તે બહાને અનેક વખત શરીર સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ ફરિયાદી સાથે મારઝૂડ કરી તથા બંને વચ્ચે સંબંધ સમાપ્ત થયા પછી પણ ફરિયાદીને સતત ફોન દ્વારા હેરાન કરેલ અને તેના ફોટા તથા મોબાઇલ નંબર સોશિયલ મીડિયામાં વાયરલ કરી તેની બદનામી કરવાનો પ્રયાસ કર્યો હોવા સબબનાં ગંભીર આક્ષેપો કરવામાં આવ્યો છે. ગુનાની તપાસ ચાલુ છે. જેથી ગુનાની ગંભીરતા, સજાની જોગવાઇ વિગેરે પરીબળો ધ્યાને લઇ જામીન અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

૪. અત્રેની અદાલત ''જામીન એ નિયમ અને જેલ એ અપવાદ'' ના સિધ્ધાંતથી વાકેફ છે. વળી, આજીવન કેદ કે દેહાંત દંડ રૂપી શિક્ષા પણ થઈ શકે તેવા ગુનામાં સંડોવાયેલ આરોપી પણ પોતાનો જામીન ઉપર છૂટવા માટેનો

પ્રથમદર્શનીય કેસ હોવાનું દર્શાવે તો અદાલતે તેને જામીન ઉપર મુકત કરવાનો રહે છે. એટલે કે, માત્રને માત્ર સજાનું પ્રમાણ તે જામીન અરજી મંજૂર કે નામંજૂર કરવાનું નિર્ણાયક પરિબળ નથી. જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે જે બાબત ધ્યાને લેવાની રહે છે તે એ છે કે, આરોપીનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપીની ગુનામાં ભાગીદારી, બનાવ જેવા ગુનાનું ફરી વખત પુનરાવર્તન થવાની શકયતા, જામીનની દયાનો દૂરૂપયોગ થવાની શકયતા, આરોપીની વ્યકિતગત સ્વતંત્રતાના હકકો, તથા સમાજનું હિત, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી વગેરે જેવા પરિબળો અદાલતે ધ્યાનમાં રાખવાના હોય છે, જેમાંથી એકાદ પરિબળ પણ આરોપીને જામીન ઉપર છૂટવા સમર્થનકર્તા ન હોય તો આરોપી જામીન ઉપર છૂટવાના હકકો ગુમાવી બેસે છે.

૫. બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજૂઆતો ધ્યાને લીધી. અરજદાર/આરોપીની અરજીમાં જણાવેલ હકીકતો, અરજદાર/આરોપી તથા રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તેમજ સામાવાળા સરકાર તરફે રજૂ થયેલ ત.ક.અમલદારનું સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો, ફરીયાદીનો શેરો તમામ સાહિત્ય ધ્યાને લેવામાં આવ્યુ છે.

૬. એ સ્થાપિત કાનૂની સિદ્ધાંત છે કે, જામીન અરજીની વિચારણાના તબક્કે કેસના ગુણદોષની વિસ્તૃત ચર્ચામાં ઉતરવું કે પુરાવાનું મૂલ્યાંકન કરવું યોગ્ય નથી. આ અદાલતે માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા **Sanjay Chandra v. Central Bureau of Investigation**, [2012] 1 **SCC** 40 કેસમાં નિર્ધારિત કાનૂની સિદ્ધાંતોને ધ્યાનમાં લીધા છે. તમામ સાહિત્ય ધ્યાને લેતા, સદર જામીન અરજી પરત્વે નીચેના કારણો નામદાર કોર્ટ દ્વારા ધ્યાને લેવામાં આવેલ છે.

(૧) ફરિયાદી પુખ્ત વયની અને પોતે પરિણીત છે તેમજ લગ્નજીવનથી સંતાનમાં એક દિકરો છે.

(૨) ફરિયાદી મુજબ ,ફરીયાદી પોતાના દિકરાને પોતાના માતા-પિતા પાસે રાખી અરજદાર/આરોપી સાથે એક વર્ષ જેટલા લાંબા સમય સુધી અલગ-અલગ સ્થળોએ રહી હતી.

(૩) વધુમાં, ત્યારબાદ તેણી તેના માવતરે ગયેલ અને ત્યારપછી બન્ને પક્ષોએ તારીખ ૧૭/૦૪/૨૦૨૬ ના રોજ એક લેખિત સમજુતી કરી હતી જેમાં બંને પક્ષોએ તેમના વચ્ચે રહેલા સંબંધો પરસ્પરની મુક્ત સંમતિથી બંધાયેલા હોવાનું, સંબંધ દરમિયાન કોઈપણ પ્રકારની ધાકધમકી, દબાણ અથવા બ્લેકમેઈલ કરવામાં આવેલ ન હોવાનું તથા ત્યારબાદ બંનેએ પરસ્પર સંમતિથી કાયમ માટે અલગ થવાનો નિર્ણય કર્યો હોવાનું નોટરી સમક્ષ નોંધાવ્યું હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય છે.

(૪) અરજદાર/આરોપીની કસ્ટોડિયલ પૂછપરછ થઈ જવા પામેલ છે.

(૫) અરજદાર/આરોપી સ્થાનિક રહેવાસી છે.

**૭.** કેસની હકીકતો તથા સંજોગોને ધ્યાનમાં લઈ, તેમજ ફરીયાદમાં અરજદાર/આરોપી વિરુદ્ધ કરવામાં આવેલા આક્ષેપોની પ્રકૃતિ પર વિચાર કરી, પુરાવાઓની વિગતવાર ચર્ચામાં પ્રવેશ કર્યા વગર, પ્રથમદર્શનીય રીતે આ અદાલતનો મત છે કે , હાલનો કેસ એવો યોગ્ય કેસ છે જેમાં અદાલત પોતાની વિવેકાધિકારનો ઉપયોગ કરી અરજદાર/આરોપીને જરુરી શરતોને આધીન રેગ્યુલર જામીન પર મુકત કરવાનો હુકમ કરી શકે. આમ , જરુરી શરતોને આધીન અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયીક ડીસ્ક્રીશન વાપરવું યોગ્ય જણાઈ આવતુ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

**(૧)** અરજદાર/આરોપી **: રાહુલભાઈ રમેશભાઈ દવેરા**ની હાલની ફોજદારી પરચુરણ **જામીન અરજી નં. ૨૨૪૦/૨૦૨૬** આથી નિચે મુજબની **શરતોને આધીન મંજૂર** કરવામાં આવે છે.

અરજદાર/આરોપી **રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** નાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત-મૂચરકા સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

**૧.** અરજદાર/આરોપીએ તપાસના કામે સહકાર આપવો અને ત.ક.અમલદાર જયારે બોલાવે ત્યારે હાજર રહેવુ તેમજ ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેવું.

**૨.** અરજદાર/આરોપીએ જામીન આપતી વખતે પોતાના સ્થાયી/ સ્થાનિક રહેઠાણનું સરનામું દર્શાવતો કોઈપણ આધાર પુરાવો તપાસ કરનાર અમલદારશ્રી તથા નામ.કોર્ટ સમક્ષ રજૂ કરવો તથા અરજદાર/આરોપી નામદાર કોર્ટની પુર્વ પરવાનગી વિના રહેઠાણ બદલી શકશે નહિ તેમજ ભારત દેશની હદ છોડી શકશે નહિ.

**૩.** અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ દિન–૭ માં રજૂ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

**૪.** અરજદાર/આરોપીએ ભોગબનનાર અથવા તેના પરિવારજનોનો કોઈપણ રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્ક કરવો નહીં, તેઓને કોઇ ધાક–ધમકી, દબાણ કે પ્રલોભન આપવા નહીં, પુરાવા સાથે કોઈપણ પ્રકારની ચેડાં કરવા નહીં

**૫.** અરજદાર/આરોપીએ અન્ય કોઈપણ ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાવું નહિ.

આ હુકમ આજ તારીખ : **૧૪ મી, માહે : જૂલાઈ , સને ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ,

તારીખ : ૧૪ –૦૭–૨૦૨૬

**(તેજસ એસ. બ્રહમભટ્ટ)**
બીજા એડિશ્નલ સેશન્સ
રાજકોટ.
GJ 00609